ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૬ના વર્ષની પહેલી સભા શુક્રવાર, તા. ૧૬--૧--૧૯૭૬ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬--૧--૧૯૭૬
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	પ્રિ. કે. એન. શાહ	હાજર
૪.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર
૫.	શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૬.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૭.	ડૉ. જે. એન. પટેલ	હાજર
૮.	પ્રિ. સી. એસ. શાહ	હાજર
૯.	ડૉ. સી. પી. બોઘાણી	હાજર
૧૦.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૧.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૨.	ડૉ. સી. જી. ખત્રી	હાજર
૧૩.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૪.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૧૫.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૬.	પ્રો. ઓ. એમ. રાવળ	હાજર

૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઓફ કેમિસ્ટ્રીની જગ્યા માટે તા. ૨૩–૧૦–૧૯૭૫ના રોજ મુંબઈ મુકામે મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(નોંધ.—સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ડૉ. એમ. એન. દેસાઈ સભાગૃહની બહાર ગયા હતા.)

(સદરહુ વરણીસમિતિની તા. ૨૩–૧૦–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪. સમાજ વિદ્યાભવનમાં રીડર-ઈન-લેબર વેલ્ફેરની જગ્યા માટે તા. ૧૧–૧૨–૧૯૭૫ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૧–૧૨–૧૯૭૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫. રાજ્યસરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર યુનિવર્સિટીઓને આપવામાં આવતી બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટ નક્કી કરવા માટેનો માન્ય ખર્ચ, સ્કોલરશિપ અંગેનો ટયૂશન ફીના ૧૫ ટકા સુધીનો જ ગણતરીમાં લેવામાં આવતો હોવાથી તથા યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો તરફથી હાલના નિયમો અનુસાર ટયૂશન ફીના ૧૦ ટકા પ્રમાણે માફી અને અર્ધમાફી તથા ૧૦ ટકા પ્રમાણે શિષ્યવૃત્તિ મળીને કુલ ૨૦ ટકા સુધીનો ખર્ચ કરવામાં આવતો હોવાથી હાલના અનુ. નિયમ નં. ૨૭ના (બી) વાળા ભાગમાં જરૂરી સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવા તથા તે મુજબ અનુસ્નાતક નિયમ નં. ૨૭ (બી)માં જરૂરી સુધારો કરીને તેને મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૨૭ (બી)નો પાઠ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૬. લલિત કળાની ઍડહૉક સમિતિની તા. ૯–૧૦–૧૯૭૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ ઍડહૉક સમિતિ પર ત્રણ જ સભ્યો હોઈ તથા મોટા ભાગના સભ્યો હાજર રહેતા ન હોવાથી નીચેના બે બે સભ્યોને આ સમિતિ ઉપર નિયુકત કરવા ભલામણ છે :

(૧) શ્રી. ધનંજય એન. ઠાકર, ૪૫, જવાહરનગર, સરખેજ રોડ, પાલડી, અમદાવાદ–૭,

(૨) શ્રી. માર્કંડ જે. ભટ્ટ મ્યુઝિક કૉલેજ, સુરસાગર, વડોદરા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍડહૉક સમિતિ પર શ્રી. ધનંજય એન. ઠાકર, શ્રી. માર્કંડ જે. ભટ્ટ અને આચાર્ય વી. જે. ત્રિવેદીને વધારાના સભ્યો તરીકે નીમવા.

૭. શ્રી. જી. આર. દેસાઈએ ડી.લિટ. પદવી માટે રજૂ કરેલા પ્રકાશિત સંશોધન કાર્ય પર આવેલા ત્રણ રેફરીઓના અહેવાલ ઉપર વિચારણા કરી ઑર્ડિ. ૩૩૦ મુજબ જે તે પરિણામ જાહેર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. આર. દેસાઈનું સદરહુ સંશોધન કામ ડી.લિટ.ની પદવી માટે પાત્ર ગણવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. મહાત્મા ગાંધી નેચર ક્યોર સોસાયટીના માનાર્હ મંત્રી તરફથી નેચર ક્યોરનો અભ્યાસક્રમ દાખલ કરવા સૂચન આવેલું જે અંગે આ અભ્યાસક્રમની વિગતો અન્ય કૉલેજો તરફથી મંગાવવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪--૨--૧૯૭૫ની સભામાં ઠરાવેલું તેના અનુસંધાનમાં ગાંધી નેચર ક્યોર કૉલેજ, હૈદરાબાદ તરફથી આવેલી માહિતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમ્યાન ઑસ્માનિયા યુનિવર્સિટી અને કલકત્તા યુનિવર્સિટી પાસેથી સદરહુ અભ્યાસક્રમ કઈ વિદ્યાશાખા હેઠળ મૂકવામાં આવ્યો છે તથા આ વિષય માટે જો કોઈ કૉલેજને તે યુનિવર્સિટીઓમાં જોડાણ આપવામાં આવ્યું હોય તો જોડાણની શરતો અધ્યાપકોની ઓછામાં ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો, પગારધોરણો, વિદ્યાર્થીઓના પ્રવેશનાં ધોરણો, ઇત્યાદિ બાબતો અંગે માહિતી મંગાવવી.

૯. વિજ્ઞાન, વિનયન અને વાણિજ્યની કૉલેજોમાં ઓછામાં ઓછા એક ખંડ સમયના હિંદીના વ્યાખ્યાતાની નિમણૂક આવશ્યક હોવાની બાબતમાં હાલના નિયમ અંગે પુનર્વિચારણા કરવાની જરૂરિયાત તપાસવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫--૧૧--૧૯૭૫ની સભાએ સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા, હાયર સેકન્ડરી એજ્યુકેશનની નવી તરાહ ગુજરાત રાજ્યમાં જૂન ૧૯૭૬થી દાખલ થવાની હોઈ, તેના સંદર્ભમાં કરવાનું રાખવું.

૧૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલી હોઈ, સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટેના કાર્યભાર અંગેના ઑર્ડિ. ૧૨૦--એ માં આનુષંગિક ફેરફાર કરવા વિચારણા કરવા બાબત :

"માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શિક્ષકોને અનુસ્નાતક શૈક્ષણિક કાર્ય માટે જે તે વિષયના અનુસ્નાતક કેન્દ્ર/કેન્દ્રોમાં જવાની પરવાનગી, જે તે શિક્ષકને પૂર્વસ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ સોંપવામાં આવેલો કાર્યભાર ઓછો ન થાય તે શરતે આપવા તથા ઑર્ડિ. ૬૫--ટી સુધારવાની જરૂર નથી."

[**નોંધ.**— ઑર્ડિ. ૧૨૦–એમાંથી નીચેનો સંબંધકર્તા ભાગ ૨૬ કરવાનો થાય :

(*iv*) Lecturers and Professors who are recognised post-graduate teachers.	...	19 periods of 45 (40 plus 5) minutes each (or 13.50 hours) of which lectures shall not exceed 13.

(v) Lecturers and Professors who are recognised as guide for Ph.D. ... 15 periods of 45 (40 plus 5) minutes each (or 10.50 hours) of which lectures shall not exceed 10.

Note.—Work load shown against (3) (iv) and (v) is meant for those post-graduate teachers who are actually participating post-graduate instruction.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

૧૧. યુનાઈટેડ કિંગ્ડમમાં મેળવેલ તબીબી પદવીઓ ભારતમાં અમાન્ય ગણવા અંગેના મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧૨- ૧૧ -૧૯૭૫ના પરિપત્ર ક્રમાંક એમ.સી. આઈ. ૧૦ (૨) ૭૫--મેડ--૨--૧૭૯૯૭ની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝનો અભિપ્રાય આવ્યેથી તે અંગે વિચારવાનું રાખવું.

૧૨. આર. એ. ભવન્સ કૉલેજના આચાર્ય શ્રી. આર. વી. શાસ્ત્રીના તા. ૨૨--૧૧--૧૯૭૫ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) "આથી આ સભા ઠરાવે છે કે આંતરિક ગુણાંકન માટે કૉલેજ પ્રથમ સત્રને અંતે ત્રણ કલાકનો એક ટેસ્ટ લેવાને બદલે દોઢ કલાકના બે ટેસ્ટ કે આઠવાડિક ટેસ્ટ રાખી શકશે."

(૨) "આથી આ સભા સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે કે અર્થશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની ભલામણ લક્ષમાં લઈને એસ.વાય.બી.એ. (સ્પેશિયલ)નાં ત્રણ પ્રશ્નપત્રોમાં યુનિવર્સિટીની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ કુલ ૭૧ ગુણ મેળવ્યા હોય તેમને અનુગ્રહનો ૧ ગુણ આપીને ૭૬ ગુણ કરી આપવા."

[નોંધ.--આ અંગે અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૩૦--૮--૧૯૭૫ની સભામાં પણ ઠરાવ કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) જૂન ૧૯૭૬ની આંતરિક ગુણાંકન માટે સત્રદીઠ એક કસોટી (ટેસ્ટ) રાખવી અને તે કસોટીમાં પ્રત્યેક પ્રશ્નપત્ર ઓછામાં ઓછું દોઢ કલાકનું રાખવા અથવા આઠવાડિક કસોટીની પદ્ધતિ રાખવા માટે કૉલેજોને વિકલ્પ આપવો.

(૨) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં જે "હેડ ઑફ પાસિંગ"માં ત્રણ પ્રશ્નપત્રો (પ્રત્યેક ૧૦૦ ગુણનું) હોય તેમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૭૫ ગુણ (હાલ ૭૬ છે તેને બદલે) અને જે "હેડ ઑફ પાસિંગ"માં ૬ પ્રશ્નપત્રો (પ્રત્યેક ૧૦૦ ગુણનું) હોય તેમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૧૧૦ ગુણ (હાલ ૧૧૧ છે તેને બદલે) આવશ્યક ગણવા અને તે મુજબ સંબંધકર્તા રેગ્યુલેશનોમાં ઘટતો સુધારો કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. એમ.એ. પદવી અભ્યાસક્રમમાં પાર્ટ ૧ અને પાર્ટ ૨ની શિક્ષણ--વ્યવસ્થામાં ફેરફાર કરવા અંગે વિચારણા કરી અહેવાલ આપવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪--૮--૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"લાંબાણ ચર્ચાવિચારણાને અંતે વધુમત ઠરાવવામાં આવ્યું કે આ સમિતિનો અભિપ્રાય છે કે એમ.એ.-ના અભ્યાસક્રમની અંદર જે રીતે અત્યારે પાર્ટ ૧ અને પાર્ટ ૨નું શિક્ષણ ગોઠવાયેલું છે તે વ્યવસ્થા ચાલુ રાખવી."

આવી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન વ્યવસ્થા ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. સને ૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨-ની કલમ ૩ (૨) વર્ગ--ખની જોગવાઈ અનુસાર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર એકેડેમિક કાઉન્સિલે પોતાના સભ્યો પૈકી એક સભ્ય ચૂંટી મોકલવા બાબત.

આવી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય કે. એન. શાહને નીમવા.

૧૫. ગુજરાત રાજ્યમાં જૂન ૧૯૭૬થી શિક્ષણની નવી તરાહ દાખલ કરવા અંગેના રાજ્ય સરકારના તા. ૨૮--૧૦--૧૯૭૫ના સરકારી ઠરાવ ક્રમાંક ઈ.ડી. એસ. ૯૧૭૫-૧૬૨૦૫ બી--ને અનુલક્ષીને યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ ઈત્યાદિનાં ધોરણોમાં અને અભ્યાસક્રમોમાં ફેરફાર કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫--૧૧--૧૯૭૫ની સભાના ઠરાવ અનુસાર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે સદરહુ બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના રૂટે. ૧૭૩ માં, શિક્ષણની નવી તરાહને અનુલક્ષીને, જરૂરી સુધારાવધારા કરીને મુસદ્દો રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ

૨. આચાર્ય દર્શનસિંઘ શીખ

૩. આચાર્ય કે. જે. ભટ્ટ

૪. પ્રો. કે. એસ. શાસ્ત્રી

૫. ડૉ. જે. એન. પટેલ

(૨) શિક્ષણની નવી તરાહના અભ્યાસક્રમને અનુલક્ષીને આ યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખા હેઠળના વિષયોના અભ્યાસક્રમોમાં જરૂરી સુધારાવધારા કરવા માટે જે તે વિષયની અભ્યાસસમિતિઓને જણાવવું.

૧૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં નિમાતા પ્રાધ્યિક--પરીક્ષકો અને મોડરેટરોની નિમણૂક અંગેના અગ્રતાક્રમ અંગે આપવામાં આવતા ગુણાંકન અંગે સુચિંતિત અહેવાલ તૈયાર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧--૧--૧૯૭૫ની સભામાં નીમેલ સમિતિની તા. ૧૩--૮--૧૯૭૫ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ ઉપર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે ડેમોન્સ્ટ્રેટર અથવા ટ્યૂટર માટે હાલ ૫ (જો લેકચરર તરીકેની લાયકાત તે ધરાવતા હોય તો) ગુણાંક આપવામાં આવે છે તેને બદલે ૧ ગુણાંક આપવાનું રાખવું.

(૨) ડૉકટરેટની પદવી મેળવ્યા પછી જો કોઈ વ્યકિતએ રિસર્ચ ફેલો તરીકે શિક્ષણકાર્ય કર્યું હોય તો જે સમય માટે એ કામ કર્યું હોય તે સમયનો તેનો શિક્ષણનો અનુભવ ગ્રાહ્ય ગણીને એ અનુભવ ના પ્રત્યેક વર્ષ દીઠ આવા ગુણાંક આપવાનું રાખવું.

(૩) સદરહુ સમિતિની ભલામણ નં. ૩ મંજૂર કરવી નહીં.

(૪) પીએચ.ડી.ની પદવી જે વિષયમાં પ્રાપ્ત કરી હોય તે જ વિષય માટે શિક્ષકે પરીક્ષક થવા માટે અરજી કરી હોય તો જ તેને પીએચ.ડી. માટે આ આઠ ગુણાંક આપવાનું રાખવું.

૧૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૯--૮--૧૯૭૫ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"ફાર્મસી વિદ્યાશાખાના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક અને મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાના અનુક્રમે ઑર્ડિ. ૬૫--એફ (૨) અને ઑર્ડિ. ૬૫--એમ (૨) હેઠળ નીચેનો નવો ભાગ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Add the following as (2) under Ordinance 65–F (2)

Rules regarding recognition of teachers as recognised Post-graduate teachers in the subject comprised under the Faculty of Pharmacy.

Bachelor's Degree	*Master's Degree in the subject or its equivalent*	*Doctorate Degree*	*Teaching experience in the degree class as a Lecturer*
—	—	Ph.D.	5 years.
First Class or Second Class	Second Class or First Class	—	10 years' or 5 years' teaching experience plus 5 years' research experience in the subject in a responsible position.

Add the following as (2) under O. 65–M (2) :

Rules regarding recognition as an Assistant Post-graduate teacher in the subjects comprised under the Faculty of Pharmacy.

Bachelor's Degree	*Master's Degree in the subject or its equivalent*	*Doctorate Degree*	*Teaching experience in the degree class as a Lecturer or Research experience in the subject.*
Second Class	Second Class	—	5 years.

અને

૧૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૯--૮--૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"તબીબી વિદ્યાશાખાના વિષયોમાં મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવાનાં ધોરણો અંગેના ઑર્ડિ. ૬૫--એમ(૨) ટેઠળની નોંધ (૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

First part of the note (*i*) of Ordinance 65–M (2) will be deleted and be revised as under :

Note (*i*) :

For recognition as Assistant Post-graduate teachers in the subjects comprised under the Medical Faculty the following minimum requirements be considered adequate :

(*i*) M.D. or M.S. or its equivalent degree in the branch for which the teacher is applying.

(*ii*) Two years' experience as a Registrar in the same branch for in a teaching institution where he/she is working his/her any speciality.

(*iii*) If the teacher has not worked as a Registrar for the requisite period the experience of a Junior Lecturer (Tutor) be considered adequate.

(*iv*) The post of Junior Lecturer (Tutor) in clinical subjects be considered while granting recognition as an Assistant Post-graduate teacher.

અને

૧૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૯--૮--૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ઑર્ડિ. ૬૫--એફ(૧)નો (બી)વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

A Ph.D. degree with Master's degree either in Second Class (or deemed Second Class of this University) and five years' teaching experience in the subject at degree level."

બાબત નં. ૧૭, ૧૮ અને ૧૯ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બોર્ડની ઉપરની ત્રણેય ભલામણો મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૬૫--એફ (૨), ઑર્ડિ. ૬૫--એમ (૨) અને ઑર્ડિ. ૬૫--એફ (૧) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૯--૮--૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ઑર્ડિનન્સ ૬૫--ડબલ્યુ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Ordinance 65–W :

(1) The Executive Council shall have the power, after consultation with the Board of University Teaching and the Academic Council, to recognise, as

an approved institution any institution of research or specialised studies for the purpose of guiding students of this University preparing for post-graduate degree by research. The Executive Council shall satisfy itself after inquiry or inspection, if necessary, before consulting the above bodies.

(2) The Head of an Institution applying for recognition as an approved Institution, shall send a letter of application to the Registrar and shall give full information in the letter of application in respect of the following matters namely :

(*a*) Constitution and personnel of the Managing Body;

(*b*) Subject and courses in regard to which recognition is sought;

(*c*) Accommodation equipment and the number of students for whom provision has been or is proposed to be made;

(*d*) The strength of the staff, their qualifications and salaries and their research work done by them;

(3) The Executive Council shall decide as to who amongst the staff members of the approved institution shall be recognised and shall further specify the subject(s) in which a member is recognised and the period for which such recognition is granted."

આથી ઠરાવવામાં આવે છે કે ઘટતુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે ઑર્ડિ. ૬૧--ડબલ્યુ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેનં તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૯-૮-૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.ડી. અને એમ.એસ. પદવીના અનુક્રમે ઑર્ડિ. એમ.ડી. ૧૪ (જૂનો ઑર્ડિ. નંબર ૨૮૧-સી) તથા ઑર્ડિ. એમ.એસ. ૧૩ (જૂનો ઑર્ડિ. નં. ૨૯૮-સી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 285—C (O. M.D. 14) :

Not more than four terms put in by a candidate registered for a post-graduate Diploma course in any branch in the Faculty of Medicine shall at his option be deemed to have been kept by him, if he desires to continue his studies for the M.D. Degree in the same branch, provided that the candidate is granted admission thereto by the college/ Institution and is registered afresh on payment of the prescribed registration fees and tuition fees.

(The provisions of this Ordinance will not be applicable to those students who have already been registered for M.D. Degree prior to the date on which the Ordinance comes into force.)

O. 298–C (O. M.S. 13) :

Not more than four terms put in by candidate registered for a post-graduate Diploma course in a subject in the Faculty of Medicine will be deemed to have kept by a candidate who desires to continue his studies for the M.S. Degree course in the branch concerned of the Diploma course, provided that the candidate is granted admission thereto by a college/institution and is registered by the University afresh by paying the prescribed registration fees and tuition fees.

(This Ordinance will not be applicable to those students who have been already registered for M.S. Degree)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે ઓર્ડિ. ઓમ.ડી. ૧૪ (જૂનો ઓર્ડિ. ૨૮૫-સી) તથા ઓર્ડિ. ઓમ.એસ. ૧૩ (જૂનો ઓર્ડિ. ૨૯૮-સી) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૨. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૯-૮-૧૯૭૫ની સભાની ભલામણ અનુસાર સુધારેલા ઓર્ડિ. ૩૧૩ અને ઓર્ડિ. ૩૧૬ જે વિચારણા માટે મૂકવામાં આવ્યા છે તેમાં નીચે મુજબનો ભાગ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

O. 313 :

Notwithstanding anything contained in the foregoing paragraphs, a candidate who has passed his Master's Degree Examination in Agriculture shall be held eligible for registration as a Research student for a Ph.D. Degree in the Faculty of Science.

O. 316 :

Provided further that a candidate who has passed the examination for the Degree of Master of Agriculture of this University or of any other University recognised as equivalent thereto, shall be permitted to register himself as a student for the Ph.D. Degree in the Faculty of Science of this University in the corresponding or allied subject for the Degree of Master of Agriculture.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સ્વીકારવા તથા ઓર્ડિ. ૩૧૩ અને ઓર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને

ભલામણ કરવી :

O. 313 :

Notwithstanding anything contained in the foregoing paragraphs, a candidate who has passed his Master's Degree Examination in Agriculture shall be held eligible for registration as a Research student for a Ph.D. Degree in the Faculty of Science.

O. 316 :

Provided further that a candidate who has passed the examination for the Degree of Master of Agriculture of this University or of any other University recognised as equivalent thereto, shall be permitted to register himself as a student for the Ph.D. Degree in the Faculty of Science of this University in the corresponding or allied subject in which he has obtained the Degree of Master of Agriculture.

૨૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૯--૮--૧૯૭૫ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"કોઈ વિદ્યાશાખાનો વિષય અન્ય વિદ્યાશાખાના વિષયની સમકક્ષ હોય તો તેવા કેસોમાં વિદ્યાશાખા બદલી આથી પીએચ.ડી. પદવી માટે વિદ્યાર્થીને નોંધવાનું રાખવા તથા ઓક્યુપેશનલ હેલ્થના વિષયોમાં અન્ય વિદ્યાશાખાના સમકક્ષ વિષયોને આધારે પીએચ.ડી. પદવી માટે વિદ્યાર્થી નોંધાઈ શકે તે માટે ઑર્ડિ. ૩૧૩ અને ૩૧૬ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી (ડ્રગ્સ)નો વિષય લઈને એમ.ઓસસી.માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ફાર્મસીની વિદ્યાશાખામાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે પાત્ર ગણવો.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવ નં. (૧) અને (૨)ને અનુલક્ષીને ઑર્ડિ. ૩૧૩ અને ઑર્ડિ. ૩૧૬ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિ. ૩૧૩ અને ઑર્ડિ. ૩૧૬ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨૪. કાયમી જોડાણ ધરાવતી હોય તે જ કૉલેજોને વિકાસ--ગ્રાન્ટ આપવા અંગેના યુ.જી.સી.ના તા. ૯--૧--૧૯૭૧ના પરિપત્રના સંદર્ભમાં યુનિવર્સિટીની જોડાણનીતિ રાષ્ટ્રની સામાન્ય નીતિના સંદર્ભમાં ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોને જોડાણ આપવા માટે સામાન્ય રીતે શરૂઆતનાં જોડાણ બે વર્ષ માટે આપે તે પછી ત્રણ વર્ષ માટે આપે તે પછી કાયમી જોડાણ આપવાની નીતિ અપનાવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૫. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એ.(પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિંદીના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિંદીનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. હિંદીનાં ત્રણ વધુ સામયિકો ઉમેરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૨૬. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૨૭. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, હિંદી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા ઈતિહાસ તથા બી.એ.(સમો.)માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, હિંદી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ઈતિહાસ તથા બી.એ.(સમો.)માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૨૮, ગુજરાત કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૬થી બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રમાં બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર તથા બી.એ.(સમો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા દ્વિતીય વર્ષ નાટયવિદ્યાના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એસસી.-

(સ્પે.)માં આંકડાશાસ્ત્ર તથા બી.એ.(થ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા દ્વિતીય વર્ષ સુધીના નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૮૧ સુધીનું તથા બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) કીટાણુવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૩) નાટ્ય વિભાગમાં અભિનય (ઍક્ટિંગ) માટે તેમજ નિર્ણય (પ્રોડક્શન) માટે એકેક વ્યાખ્યાતા;

૨. કીટાણુવિજ્ઞાનના શિક્ષણ માટે અહેવાલમાં નિર્દિષ્ટ જોગવાઈઓવાળા મકાનની વ્યવસ્થા કરવામાં આવે;

૩. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા પૂરતી સાધનસામગ્રી સાથે સુસજ્જ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો માટે ચાલુ વર્ષે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને પાંચ વર્ષ સુધીના રૂ. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે. ઉપરાંત સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૫૦૦થી ૭૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. નાટ્યવિદ્યાનાં સાધનો માટે રૂ. ૨,૦૦૦ તથા પુસ્તકાલય માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૨૯. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ) તરફથી જૂન ૧૯૭૬થી બી.એ.(થ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી કરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ) નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.(થ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. મનોવિજ્ઞાનના શિક્ષણકાર્ય માટે ઑ. ૧૨૦--એ અનુસાર જરૂરી નિમણૂકો કરવામાં આવે;

૨. પ્રયોગશાળાનાં સાધનોનો બીજો સેટ વસાવવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે. તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૩૦. કલોલ મ્યુ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૭૬થી બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી કરાવવામાં આવે છે કે કલોલ મ્યુ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૬-૧-૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૬-૬-૧૯૭૬થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૨) વનસ્પતિવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર;

૨. વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૧૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૧. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં હિંદી, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં હિંદી, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર તેમ જ બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજનું પોતાનું મકાન આગામી બાર માસમાં તૈયાર કરી આપવાની સંચાલકો બાંયધરી આપે અથવા જો કૉલેજ માટે મકાન તૈયાર થઈ શકે તેમ ન હોય તો સુવિધાઓવાળા ભાડાના બીજા મકાનની વ્યવસ્થા કરે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૨. શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી બી.એ.(સબો.)માં રાજ્યનીતિ-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૩. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૪. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાની જૂન ૧૯૭૬થી બી.એ. (પ્રિન્સિ.)માં ઈતિહાસ, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ

થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ઇતિહાસ અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
   (૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૩) ઇતિહાસના એક પ્રાધ્યાપક
   (૪) કૉમર્સ, એકાઉન્ટન્સી અને અંગ્રેજીના વિષયોમાં ઑ. ૧૨૦--એ મુજબ જરૂરી અધ્યાપકો નીમવામાં આવે;

૨. કૉલેજના નવા મકાનમાં વિદ્યાર્થી રૂમ, વિદ્યાર્થિની રૂમ, રીડિંગ રૂમ તથા સેનિટેશનની વ્યવસ્થા કરવામાં આવે;

૩. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૩,૦૦૦નાં સાધનો માટે આનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૮. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૫. મ્યુ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૬થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર, બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડા-શાસ્ત્રની પદ્ધતિઓ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજને માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર જરૂરી સાધનો--સગવડોવાળા સ્વતંત્ર મકાનની સગવડ વહેલામાં વહેલી તકે કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૬. એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૭૬થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંડ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૭. સરકારી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર તરફથી જૂન ૧૯૭૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.એ. (સભો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ભૂગોળ, ફારસી અને ગણિતશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, આંકડાશાસ્ત્ર અને ઇકોનોમિક્સ ઑફ કોટનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, આંકડા-શાસ્ત્ર, અને ઇતિહાસ તથા બી.એ.(સભો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ભૂગોળ, ફારસી, અને ગણિતશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, આંકડાશાસ્ત્ર અને ઇકોનોમિક્સ ઑફ કોટનના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક

(૨) ઇકોનોમિક્સ ઑફ કોટનના એક પ્રાધ્યાપક

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૪) સમાજશાસ્ત્રના બંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૩૮. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એડ.ના અભ્યાસ-ક્રમો શીખવવા માટે આવેલ ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬

સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અધ્યાપકો માટે ઓછામાં ઓછાં છ કેબિનો તૈયાર કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજમાં વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૯. શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા તરફથી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧૧–૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. વિજ્ઞાનની પ્રયોગશાળા માટે અલગ ઓરડાની સુવિધા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૦. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે આપેલ ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ તરફથી નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજનાં દૃશ્ય--શ્રાવ્ય સાધનોમાં એક ફિલ્મ પ્રોજેક્ટર ઉમેરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એસસી.(સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસ-ક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૪૨. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી બી.એસસી.(રૂપે.)માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં પ્રાણી-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
   (૨) વનસ્પતિવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
   (૩) પ્રાણીવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ (દરેકના) અને પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો બનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૨૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષય માટે સાધનો અને રિકરિંગ ખર્ચ માટે રૂ. ૫,૦૦૦ની જોગવાઈ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લાણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૮. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મુખ્ય વિષયોમાં વધુમાં વધુ ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૩. સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર તરફથી જૂન ૧૯૭૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસ-ક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એસ.સી.-(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૬થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) ઑ. ૧૨૦-એના સંદર્ભમાં ગણિતશાસ્ત્રના શિક્ષક;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

૪૪. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન ૧૯૭૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૬થી

તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા (અકાર્બનિક કે ભૌતિકવિજ્ઞાનની સાથે જરૂરી લાયકાત ધરાવતા)
   (૨) વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૩) જે તે વિષયમાં કાર્યાલયના સંદર્ભમાં જરૂરી ડેમોન્સ્ટ્રેટરો;

૨. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૩૦,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે;

